તા. ૧૮.૦૪.૨૦૨૫

નવગુજરાત સમય, પાના નં. ૧૨

# 19મીએ સવારે 8થી 12:30 સુધી મોટેરા અને સેક્ટર-1, ગિફ્ટ સિટી વચ્ચે મેટ્રો સેવા સ્થગિત

ગાંધીનગરઃ હાલમાં, અમદાવાદ અને ગાંધીનગર (સેક્ટર-1, ગિફ્ટ સિટી) વચ્ચે મેટ્રો ટ્રેન સેવા સવારે 8થી રાત્રિના 8:14 કલાક સુધી કાર્યરત છે. 19મી,



એપ્રિલે સવારે 8થી બપોરે 12:30 વાગ્યા સુધી કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી (CMRS) ગાંધીનગર રૂટ (મોટેરા સ્ટેડિયમથી સચિવાલય-ગિફ્ટ સિટી)નું નિરીક્ષણ કરશે. જેથી મોટેરા સ્ટેડિયમ અને સેક્ટર-1, ગિફ્ટ સિટી વચ્ચે મેટ્રો ટ્રેન સેવા એટલા સમય સુધી સ્થગિત રહેશે. ત્યારબાદ, અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની બધી ટ્રેનો હાલના સમયપત્રક મુજબ દોડશે. 19મી, એપ્રિલે પહેલી ટ્રેનનો પ્રસ્થાન સમય સેક્ટર-1થી મોટેરા સ્ટેડિયમનો 12:58 કલાકે રહેશે અને મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-1 નો સમય 13:12 કલાકનો રહેશે.